# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૯/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'અ વે ઓફ મેકીંગ ઇન્ડીયા ટ્રુલી ઇન્ક્રેડીબલ' વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'અ વે ઓફ મેકીગ ઇન્ડીયા ટ્રુલી ઇન્ક્રેડીબલ' વિશે ઈન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સેશનમાં વકતા તરીકે ભારતવાસી ઓન ડયૂટી (BonD)ના ફાઉન્ડર અને ૨૨ વર્ષ સુધી યુનાઈટેડ કિંગ્ડમમાં ડિપ્લોમેટીક ઓફિસર તરીકેનો માનવંતો મોભો જાળવનાર શ્રી હિતેન પટેલ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરની એરપોર્ટ કમિટીના ચેરમેન શ્રી મનોજ સિંગાપુરીએ કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત શ્રોતાઓને આવકાર્યા હતા તથા કાર્યક્રમના વકતાશ્રીનો પરિચય આપ્યો હતો.

શ્રી હિતેન પટેલે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, દેશના નાગરિક તરીકે આપણને મળેલા હકકો જેમ આપણને યાદ રહે છે તેટલું જ જરૂરી તે હકકો સાથે સંકળાયેલી ફરજોને પણ આપણે તેટલી જ પરિપકવતાથી નિભાવવી જોઈએ. કોઈ એક વ્યકિત પણ જો સંકલ્પ કરે તો તે પરિસ્થિતિમાં બદલાવ લાવી શકે છે. આ વિચારધારાને અનુસરીને તેમણે પાંચ વર્ષ પહેલા શરૂ કરેલ 'ભારતવાસી ઓન ડયૂટી' કેમ્પેઈનમાં આજે ૭૦૦૦ વોલેન્ટીયર્સ જોડાયેલા છે. આ કેમ્પેઈન અંતર્ગત તેમણે દાંડીથી સાબરમતી પદયાત્રા કરેલ હતી જેમાં ૬૦૦ વ્યકિતઓ જોડાયા હતા. ઉપરાંત તેઓ અવનવા કેમ્પેઈન કરીને જનજાગૃતિ માટે કાર્યો કરતા રહે છે.

વધુમાં તેમણે આજરોજ દાંડીથી શરૂ કરેલ સાયકલ યાત્રાની જાણકારી આપતા જણાવ્યું હતું કે, આ સાયકલ યાત્રા દાંડીથી શરૂ થઈ વાયા સુરત તા. ૨ ઓકટોબરના રોજ પોરબંદર પહોંચશે. આ યાત્રામાં તેમની સાથે ૧૫ જેટલા એન.સી.સી. કેડેટ્સ જોડાયા છે તથા એન.સી.સી.એ તેમની આ સમગ્ર યાત્રામાં પૂરતો સહયોગ આપવાની બાંહેધરી આપી છે.

શ્રી હિતેન પટેલે ઉપસ્થિત શ્રોતાઓને વિવિધ ઓડિયો વિઝયુઅલથી ખૂબ સુંદર અને અર્થસભર માહિતી પૂરી પાડી હતી. અને તેમના આ સંકલ્પરથમાં જોડાવાનો અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના અંતમાં ચેમ્બરની સ્પોર્ટ્સ કમિટીના ચેરમેન શ્રી ધર્મેશ વાણિયાવાળાએ ઉપસ્થિત તમામ શ્રોતાઓનો આભાર માન્યો હતો અને આ સુંદર ચળવળ બદલ વકતા શ્રી હિતેન પટેલને અભિનંદન આપ્યા હતા.